શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

तमसो मां ज्योतिर्गमय

રજી. નં.: A/1822 ભરૂચ

# પંચોલી નવયુગ



અંક : ૧૨ વર્ષ : ૫૦ ડીસેમ્બર : ૨૦૧૧ સળંગ અંક : ૩૮૧

તંત્રી : દિનેશભાઈ મોહનલાલ મિસ્ત્રી

# હૃદયાંજલિ......



સ્વ. અ.સૌ. ભગવતીબેન મણીલાલ પંચોલી

જન્મ : ૧ : ૧ : ૧૯૩૪ સ્વર્ગવાસ : ૨૯ : ૧૧ : ૨૦૧૧

નાનકડો પણ ઉત્તમ શબ્દ 'બા' થી શ્રેષ્ઠ ન બીજો શબ્દ.
બચપણથી 'બા' શબ્દ ગમ્યો, અંદર રગ રગ રમ્યા કર્યો.
'બા' શબ્દ છે સઘળો સાર, એ વિના બીજુ નિસ્સાર.
ના જાણું ભકિત કે ધ્યાન, તારૂં રહો 'બા' અનુસંધાન.
અમો સૌ શ્રદ્ધાસુમન અર્પણ કરીએ છીએ....

## અર્પણકર્તા

શ્રી મણીલાલ ભુલાભાઇ પંચોલી

કિરણ મણીલાલ પંચોલી અ.સૌ. પ્રિતી કિરણ પંચોલી

ચિ. કૌશલરાજ કિરણ પંચોલી ચિ. હેતલ કિરણ પંચોલી

એ-૨૦૨, ગણેશકૃપા બિલ્ડીંગ, બ્રહ્માકુમારી સેન્ટર સામે, દત્તાત્રેય રોડ, સાંતાક્રુઝ(પશ્ચિમ),
મુંબઇ - ૪૦૦ ૦૫૪ AS.
ફોન : (૦૨૨) ૨૬૬૧ ૪૦૩૨ મોબાઇલ : ૦૯૩૨૨૨ ૬૩૫૨૮

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

ડિસેમ્બર - ૨૦૧૧

# પંચોલી નવયુગ

તમસો માં જ્યોતિર્ગમય

રજી. નં.: A/1822 ભરૂચ

**પ્રકાશનનું સ્થળ**

૩૦૨, શુભમ રેસીડન્સી, મેધા ઓટોમોબાઈલ્સ સામે,
રાજકમલ આર્કેડ પાછળ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર-૨

**પ્રકાશન સામયિકતા** : માસિક
પ્રકાશક તંત્રીનુંનામ : શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી
મુદ્રકનુંનામ : શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી
મુદ્રકનુંસરનામું : અક્ષર પ્રિન્ટર્સ, ૨,૩, અજીત એસ્ટેટ, જુની દેનાબેંક પાછળ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર-૨
માલિકી ધરાવનાર : શ્રી પંચોલી સેવા સમાજ, મહામંડળ. બી-૨૫, બ્રીજનગર, અંકલેશ્વર

હું દિનેશભાઈ એમ. મિસ્ત્રી આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે......

દિનેશભાઈ એમ. મિસ્ત્રી

## પંચોલી નવયુગ જાહેરાતના નવા દર

| | |
|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | ₹ ૬,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર સિંગલ કલર) | ₹ ૨૦૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર સિંગલ કલર) | ₹ ૨૫૦૦/- |
| કલર પેજ (એક ફોટો ફ્રી) | ₹ ૧,૫૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | ₹ ૧,૨૦૦/- |
| અડધુ પેજ | ₹ ૬૦૦/- |
| અડધુ પેજ એક ફોટા સાથે | ₹ ૬૫૦/- |
| પા પેજ | ₹ ૩૦૦/- |
| પા પેજ એક ફોટા સાથે | ₹ ૩૫૦/- |

(પા પેજ અને અડધા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ ૫૦ રૂા. વધારે આપવાના રહેશે.)

| | |
|---|---|
| નવયુગ શુભેચ્છક | ` ૧૫,૫૫૫/- |

(પ્રથમ વર્ષે એક પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓનો ફોટો તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

| | |
|---|---|
| નવયુગ શુભચિંતક | ` ૨,૫૨૫/- |

(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે. અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે (ફોટો છપાશે તો નામ આવશે નહિં.)

## પંચોલી નવયુગ લવાજમના દર

| | |
|---|---|
| માસિક કિંમત | ` ૫/- |
| વાર્ષિક લવાજમ | ` ૫૦/- |
| નવયુગ શુભેચ્છક | ` ૧૫,૫૫૫/- |
| નવયુગ શુભચિંતક | ` ૨,૫૨૫/- |

# તંત્રી નોંધ

સુજ્ઞ જ્ઞાતિજનો.....

કેમ છો ? મઝામાં છો ને ?

સર્વેએ દિવાળીનું પર્વ મન ભરીને માણ્યુ. જાણ્યુ અને આનંદ ઉલ્લાસથી ઉજવ્યુ. દિવાળી આવી આવી કરતા હતાં કયાં આવી ને જતી રહી ખબર પણ ન પડી. હવે ઠંડીનું આગમન જેવું લાગતુ નથી પરંતુ શિયાળાની ઋતુ એટલે વર્ષ માટે શકિત, સ્વાસ્થયને સંગ્રહ કરવાની સીઝન છે. ભરપેટ વસાણા ખાઈને શકિત સંગ્રહની જગ્યાએ કોલેસ્ટ્રોલનો સંગ્રહ ન થાય તે વિચારજો અને મર્યાદામાં રહી સૌનો ઉપયોગ કરજો આથી સ્વાસ્થ્ય સુધરે.....

પંચોલી નવયુગ સુવર્ણ જયંતિ વર્ષનો સુવર્ણ જયંતિ દિપોત્સવી અંક આપને મળી ગયા હશે...અંક જોતા દરેક એકમોએ નવયુગની પરિસ્થિતિને ધ્યાનમાં લઈ ફુલ નહીને ફુલની પાંદડી અર્પણ કરી નવયુગની સધ્ધરતામાં ખીસકોલી જેવું કાર્ય કર્યુ છે એ બદલ ખૂબ ખૂબ આભાર(રામાયણનો પ્રસિદ્ધ પ્રસંગ છે...જયારે રામ સમુદ્ર પર સેતુ બાંધતા હતા ત્યારે એક ખીસકોલી રેતીમાં આળોટી પુલ પર જઈ રેતી ખંખેરતી હતી...રામે આ જોઈ પ્રશ્ન કર્યો કે ‘ તું શુ કરે છે ?’ ત્યારે ખીસકોલીએ સુંદર જવાબ આપ્યો કે ‘ પુલ બાંધવામાં મદદ કરું છું....)

પોષ્ટીંગ માટે આપણે ટેકનીકલ પ્રોબ્લેમને લીધે લવાજમના દરો લખવા પડે છે. તેને જ્ઞાતિજનોએ ધ્યાનમાં લઈ પોષ્ટીંગ માટે લવાજમના બદલે પોષ્ટીંગ માટે ભેટ મોકલી રહ્યા છે.. ઘણી આનંદની વાત છે...તેઓનો હું ખૂબ ખૂબ આભારી છું. આવી જ રીતે દરેક જ્ઞાતિજનો પણ વિચારે તો સોનામાં સુગંધ ભળે...અને માગ્યા વગર મળે એનો આનંદ કંઈક ઓર જ હોય છે...

છેલ્લા ત્રણ વર્ષથી દિપોત્સવી અંક જ્ઞાતિજનોને સમયસર નથી મળતો. કારણ પોષ્ટીંગ પ્રોબલેમ, આંગડીયા પ્રોબલેમ.. દર વર્ષે ઘણી મહેનત કરીને તથા આ વર્ષે પણ મારે ત્યાં મારી પુત્રીના લગ્ન હોવા છતા પણ નવયુગ સમયસર છાપી બાઈન્ડીંગ કરી રવાના કર્યા છતાં હજી ફરીયાદ છે નવયુગ નથી મળ્યા.... અને આ સીલસીલો દર

વર્ષે આ પ્રમાણે જ રહેવાનો... ત્રણ વર્ષના અનુભવથી કહી શકું છું.... મને એક વિચાર આવે છે જો આપ સૌનો સાથ સહકાર મળે તો... તો જ્ઞાતિજનો તથા દરેક એકમના પ્રમુખશ્રીને વિનંતી કે ફકત દિવાળી અંક એકમના પ્રમુખશ્રીને મોકલવામાં આવે અને તે એમના ગામમાં નવયુગ દરેકને પહોંચતા કરી દે.... અથવા દરેક જ્ઞાતિજનો પ્રમુખશ્રી કે મંત્રીશ્રીના ઘરેથી મુળવી લે....આ સીવાય કોઇ ઉપાય નથી.... અને ઉપરોકત ઉપાય વિચારવા જ રહ્યો.. નહિ તો મારું ટેન્સન વધી જાય છે... લગ્ન હોય, મરણ હોય કે સારા નરસા પ્રસંગ હોય જયાં જાવ ત્યાં દરેકની એકજ ફરીયાદ... દિવાળી અંક હજી મળ્યો નથી ? શું આ બાબતમાં આપ શાંતિથી વિચારશો... અને જવાબ આપશો એવી આશા રાખું છું....

આ વર્ષે પાલ એકમોએ સુંદર જાહેરાત આપી છે.. ભાટપુર એકમમાં ત્રણ નવયુગ જાય છે અને એ ત્રણેય જ્ઞાતિજનોએ નવયુગમાં જાહેરાત આપી છે... બીજા એકમોએ પણ આના પરથી વિચારવું રહ્યું.

દિપોત્સવી અંકની જાહેરાતના જેમના પૈસા બાકી હોય સત્વરે જમા કરાવશો આથી દિવાળી નવયુગ હિસાબ કંમ્પલીટ થાય અને હિસાબમાં બાકી બોલાવવા ન પડે... અને જ્ઞાતિજનોને પણ વિનંતી કે તમે આપેલ જાહેરાતનું પેમેન્ટ તમારા કાર્યકરને સત્વરે મોકલાવે.. અથવા આપી દે..

અગાઉ જણાવ્યા મુજબ કોઇપણ એકમે પોતાના એકમનું એડ્રેસનું લીસ્ટ નથી મોકલ્યુ તો નવયુગ મળે એડ્રેસનું લીસ્ટ મોકલી આપશો..દિવાળી અંક એડ્રેસના કારણે રીટર્ન થયા છે એટલો નવયુગને ખર્ચ તો લાગે ને અને તમને નવયુગ ન મળ્યા તે નફામાં. તો આટલો સહકાર તો આપશો જ એવી આશા રાખું છું....

દિનેશભાઇ એમ. મિસ્ત્રી
તંત્રી : પંચોલી નવયુગ

## પંચોલી નવયુગ જાહેરાતના નવા દર

| | | |
|---|---|---|
| મલ્ટી કલર પેજ | ₹ | ૬,૦૦૦/- |
| દિપોત્સવી અંક અર્પણ | ₹ | ૨,૫૦૦/- |
| રેગ્યલર અંક અર્પણ | ₹ | ૨,૦૦૦/- |
| કલર પેજ | ₹ | ૧,૫૦૦/- |
| સાદુ પેજ | ₹ | ૧,૨૦૦/- |
| (એક ફોટા સાથે) | | |
| ૧/૨ પાનુ | ₹ | ૬૦૦/- |
| ૧/૨ પાનુ એક ફોટા સાથે | ₹ | ૬૫૦/- |
| (એકથી વધુ ફોટા માટે દરેક ફોટા દીઠ ₹ ૫૦/-એકસ્ટ્રા) | | |
| ૧/૪ પાનુ | ₹ | ૩૦૦/- |
| ૧/૪ પાનુ એક ફોટા સાથે | ₹ | ૩૫૦/- |
| (એકથી વધુ ફોટા માટે દરેક ફોટા દીઠ ₹ ૫૦/-એકસ્ટ્રા) | | |

## ગોલ્ડન જયુબીલી અધિવેશન

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળનું આગામી અધિવેશન ગોલ્ડન જયુબીલી અધિવેશન તરીકે મળનાર હોય તેમાં કયા પ્રકારના કાર્યક્રમો હોવા જોઇએ, કઇ રીતે ઉજવણી કરવી જોઇએ તે માટે સમાજના દરેક જ્ઞાતિજનો પાસેથી ઉપયોગી થાય તેવા અને રચનાત્મક અભિગમવાળા સુચનો તેમજ માર્ગદર્શન માટે આપ સૌને આમંત્રણ છે. આપના વિચારો, પ્રયોગો, અભિગમો અને મંતવ્યો મોકલવા આપ સૌને વિનંતી છે.

**શ્રી ગિરીશચંદ્ર ઈશ્વરલાલ પંચોલી**
પ્રમુખ-શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ
શ્રી પંચોલી સેવા સમાજ, સુરત
એ-૩૦૩, શ્રીનાથ કોમ્પલેક્ષ,
સ્વસ્તિકપાર્ક સોસાયટી, શ્રી રામ માર્બલ પાસે,
અલથાણ રોડ, સુરત
ફોન : ૦૨૬૧ - ૨૨૬૭૮૧૧
મો. : ૦૯૪૨૭૧ ૨૩૭૪૧/૦૯૮૨૫૧ ૦૮૬૯૬

# પ્રમુખ નોંધ

પ્રિય જ્ઞાતિજનો

આપ સૌ કુશળ હશો. આ મહિનાનો અંત આવે તે પહેલાં નવયુગના દિવાળી અંકની સુગંધ તમોએ માણી લીધી જ હશે. અંતરના પ્રેમથી કાર્ય કરતા આપણાં નવયુગના તંત્રીશ્રીએ પોતાને ત્યાં દિકરીના લગ્ન પ્રસંગની કામગીરીની વ્યસ્તતામાં હોવા છતાં સુંદર અને કલાત્મક દિવાળી અંક સમયસર પ્રસિદ્ધ કર્યો અને અંક જોતા જ ખુશ થઇ જવાય....ખરેખરને ? પરંતુ સારા કાર્ય કરતા વ્યકિતને કોઇપણ કારણે કદાચ પુરતી પ્રસંશા ન મળે એ રીતે ઘણાં બધા જ્ઞાતિજનોને નવયુગનો દિવાળી અંક નવેમ્બર પૂર્ણ થવાનો હોવા છતાં મળવાનો વિલંબ થયો હશે, કારણ કે પ્રસિદ્ધ કરવાનું કાર્ય આપણે સમયસર પૂર્ણ કર્યુ પરંતુ વિતરણ વ્યવસ્થા અન્ય વ્યકિત પર આધાર રાખતી હોય અને છેલ્લા બે વર્ષથી દિવાળી અંકની વ્યાપક ફરિયાદ મળી હોવાથી આ વર્ષે થોડી તકેદારી રાખી રવાના કરવાની વ્યવસ્થા કરી અને છતાં પણ મોડા મળવાનો અનુભવ આપણને થયો. શું કરી શકીએ ? આપણાં દેશમાં કોના પર ભરોસો કરવો ? નવયુગ અંગે આપ સૌને પડેલી તકલીફ બદલ ક્ષમા આપશો અને અમારી કામગીરીમાં સાથ સહકાર આપશો એવી આશા રાખું છું.

દિવાળી અંક અંગે ચર્ચા વિચારણા કરી હશે. આપ સૌ જ્ઞાતિજનો હિન્દુ નવા વર્ષની આગમનની તૈયારી કરતાં કરતાં દિવાળીનો ઉત્સવ પૂર્ણ પ્રેમથી ઉજવ્યો હશે. અને હિંદુ નવા વર્ષની સ્વાગત અંગેની ઉત્સુકતાથી પ્રતિક્ષા કરતાં કરતાં નવા વર્ષનું આગમન થયું અને આપણે એકબીજાને નવા વર્ષની શુભેચ્છાની આપ-લે કરી અને દરેક જ્ઞાતિજનો નવા વર્ષની ખુશી આનંદથી વધાવી ઉજવણી કરી અને નવા વર્ષમાં પ્રવેશ સાથે જ અંગ્રેજી વર્ષની વિદાયગીરીનો સમય શરૂ થઇ ગયો અને એ અંગે અંગ્રેજી જુના વર્ષને વિદાય કરી અંગ્રેજી નવા વર્ષના આગમનની તૈયારીઓ કરતાં હોઇશું. આશા રાખું છું હિંદુ નવા વર્ષની ઉજવણી કરી તેવી જ રીતે આપ સૌ અંગ્રેજી નવા વર્ષને વધાવીશું અને આવનારા દિવસો સર્વે જ્ઞાતિજનોને સુખ-શાંતિ- સમૃદ્ધિ -પ્રેમ-પ્યાર-ખુશી-આનંદ સ્વસ્થતાની અનુભૂતિ કરાવે એવી હાર્દિક શુભેચ્છાઓ...

સાથે સાથે વસંત ઋતુની વિદાય કરી અને શરદ ઋતુના આગમન સાથે સાથે ગરમીનો ત્રાસ સહન કરી તેને વિદાય કરી ગુલાબી ઠંડી અને ખુશનુમા વાતાવરણના આગમનની પ્રતિક્ષા કરી રહ્યા છીએ. પરંતુ ગ્લોબલ વોર્મિંગના કારણે હજી ગરમીનો ત્રાસ સહન કરવો પડે છે અને ઠંડકની આશા સમય પ્રમાણે નથી અને તેની પ્રતિક્ષા કરાવી રહી છે. સારી ઠંડકની શરૂઆત થાય તો આપણને ખૂબ આનંદ થશે અને એ દિવસો જલ્દી આવે એવી આશા રાખીએ છીએ...

દેવઉઠી એકાદશીના દિવસથી શુભ અને સારા કાર્યો કરવાની શરૂઆત થતી હોય છે. આપણે સૌ જ્ઞાતિજનો પણ લગ્નના મૂહુર્ત પ્રમાણે લગ્નોત્સવી ઉજવણી કરી રહ્યા છીએ. આ વર્ષે આપણાં સમાજમાં લગ્નનાં મુહૂર્તો હોવાથી ઘણાં જ્ઞાતિજનોએ એકબીજાને મળવાની-ફરવાની અને લગ્ન પ્રસંગની ઉજવણી કરી અને આનંદ કર્યો. હાલમાં ચાલી રહેલા લગ્નપ્રસંગો થકી જે યુગલોએ પ્રભુતામાં પગલાં પાડી અને તેમના સાંસારિક જીવનમાં શુભ શરૂઆત કરી રહ્યા છીએ તેમને હું અંતરથી શુભેચ્છાઓ પાઠવું છું અને આશા રાખું છું કે તેઓ તેમના સાંસારિક જીવનમાં ખુશી આનંદ અને સ્વસ્થતાથી આગળ ધપાવે અને જીવનમાં સફળતા અને પ્રગતિ કરે અને સુખી લગ્નજીવનની અનુભૂતિ કરે. હું સાથે સાથે હવે પછી થનારા લગ્ન પ્રસંગે જોડાનાર યુગલોને પણ શુભેચ્છાઓ આપું છું.

આ વર્ષે ડીસેમ્બર મહિનો એટલે સમાજમાં એક સાથે બે કાર્યક્રમોની ઉજવણી કરવાનો મહિનો. તા. ૧૭

ડિસેમ્બરે વડોદરા મુકામે મહિલા સંમેલન 'સમન્વય' અને તા. ૨૫ ડિસેમ્બરના રોજ નવસારી મુકામે ક્રિકેટ ટુર્નામેન્ટના કાર્યક્રમની ઉજવણી કરવાનો અવસર છે. આપણે સૌ જ્ઞાતિજનોએ આ તકનો લાભ લઇ સહકાર આપી અમારો ઉત્સાહ વધારશો એવી આશા રાખું છું. અને નવસારી એકમના પ્રમુખશ્રીના કહેવા મુજબ આપની તથા આપની ટીમોની તથા મેચ જોવા આવનાર સભ્યોની એન્ટ્રી તુરત મોકલી આપી એમના કાર્યમાં સહકાર આપશો.

સમાજમાં કંઇ કામ થતુ નથી ? આ લોકો આમ કેમ નથી કરતાં ? આ લોકોએ આમ જ કરવું જોઇએ ? એવી વણ માંગી સલાહ આપવા સૌ કોઇ તૈયાર જ હોય છે. પરંતુ ચાલો આપણે સૌ સાથે રહીને કામ કરીએ એવો અભીગમ કેળવી સમાજમાં શુભત્વ પ્રાપ્ત થાય અને જ્ઞાતિજનોની પ્રગતિ થાય તેવા વિચારો ચોક્કસ આવકાર્ય છે પરંતુ ફકત અને ફકત નિંદા કરવા અથવા કામ કરતાં હોદ્દેદારોને હેરાનગતિ કરવા માટેના પ્રયાસોને જ્ઞાતિજનો ઉગતા દબાવી દે અને એવા વ્યકિતને વધારે પડતું મહત્વ ન આપતાં એવી વ્યકિતને શરમની અનુભૂતિ કરાવે તેવી આપ સૌ જ્ઞાતિજનોને વિનંતી કરું છું. અને શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ કે તેની સંલગ્ન સંસ્થા કોઇપણ એકમો થકી જે કોઇ કાર્યક્રમનું આયોજન કરે તેને સફળ બનાવવા સહકાર આપશે અને મહામંડળના હોદ્દેદારોને સહકાર આપી ઉત્સાહ વધારી જ્ઞાતિજનોની પ્રગતિ થાય તેવા પ્રયત્નો કરશો. અને વારંવાર ફરી ફરીને ફરી યાદ કરાવું છું કે મહામંડળની વેબસાઇટ અને પંચોલી નવયુગને જાહેરાત કે તમારા એકમના સમાચારો કે અન્ય રીતે સહકાર આપી સંસ્થા મહાન છે અને તમારો સહકાર સંસ્થાને છે, વ્યકિતને નથી તે મુજબ મતભેદ કે અંગત રાગ-દ્વેષ ભુલીને આવો આપણે સંપથી, એકતાથી આગળ વધીએ....

## સ્વ. સી. ટી. સ્મારક નિધિ

# અહેવાલ

સ્વ. સી.ટી.સ્મારક નિધિના અધ્યક્ષ તરીકેની મારી તથા મંત્રી તરીકે શ્રી અશ્નિનભાઇ એમ. પંચોલીની નિમણૂંક કરી અમારામાં જે વિશ્વાસ મૂકયો છે એ બદલ આપ સૌનો આભારી છું.

સને ૨૦૧૧-૧૨ના વર્ષ માટે સ્વ. સી. ટી. સ્મારક નિધિમાં શૈક્ષણિક સહાય માટે ૫૬ અરજીઓ આવી હતી. જેમાંથી અધુરી વિગતોને કારણે ત્રણ અરજી રદ કરવામાં આવી છે. અલગ અલગ અભ્યાસ મુજબ સહાયની રકમ નકકી કરી મોકલવામાં આવી છે. જેની કુલ રકમ ૭૩,૬૦૦/- ની મદદ આપવામાં આવી છે.

આ વર્ષે સુરત-૨૩, વ્યારા-૫, પાનવડ-૫, વડોદરા-૪, અંકલેશ્વર-૩, રાજપીપલા-૩, મુંબઇ-૨, તેજગઢ-૨, કવાંટ-૨, સંખેડા-૧, બીલીમોરા-૧, નવસારી-૧, બારડોલી-૧ મળ ીને કુલ ૫૩ વિદ્યાર્થી વિદ્યાર્થીનીઓએ આ શૈક્ષણિક સહાયનો લાભ લીધો હતો.

દરેક એકમના પ્રમુખ/મંત્રીશ્રીને વિનંતી કે અરજી પર સહી સિકકા કરો ત્યારે અરજીની વિગતો પુરેપુરી ભરી છે કે નહીં, આપલ વિગત સાચી છે કે નહી, વિદ્યાર્થી સહાય મેળવવા પાત્ર છે કે નહી વિગેરે બરાબર ધ્યાન રાખીને ફોર્મ ભરસો તો અરજી રીજેકટ ન થશે તથા જેને સહાયની વધુ જરૂર હોય અને તે જ સહાયથી વંચિત ન રહી જાય. એક અરજી તો એવી પણ હતી કે જેમાં ફકત ફી રસીદની ઝેરોક્ષ જ હતી અને માર્કસીટ કે ફોર્મ પણ ન હતુ. એડ્રેસ પરથી સંપર્ક કરતા જાણવા મળ્યુ કે અમે તો અરજી કરી જ નથી. તો આમ બીજાઓ પણ ડાયરેકટ અરજી ન મોકલે તેનું ધ્યાન રાખવું...

અંતમાં ખાસ જરૂરીઆતમંદ વિદ્યાર્થીઓ જ આ સહાય લે તો વધુમાં વધુ સહાય આપી શકીએ...એજ 'વિના સહકાર નહીં ઉદ્ધાર'

દિપકભાઇ એસ. ગાંધી-અધ્યક્ષ
અશ્વિન એમ. પંચોલી-મંત્રી

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પ્રેરીત શ્રી પંચોલી સમાજ, વડોદરાની સંલગ્ન સંસ્થા
શ્રી પંચોલી મહિલા મંડળ, વડોદરા આયોજીત
સૌજન્ય : 'સમાજરત્ન' સ્વ. ડાહ્યાભાઇ દુર્લભભાઇ મિસ્ત્રી, ગં.સ્વ. હસુમતીબેન ડાહ્યાભાઇ મિસ્ત્રી-મુંબઇ
અને શ્રીમતિ પુષ્પાબેન બાલકૃષ્ણ જરીવાલા-સુરત

# મહિલા સંમેલન – 'સમન્વય'

બહેનો....

દિવાળી આવી અને ગઇ, આપણે સૌ આપણાં કામમાં વ્યસ્ત બની ગયા છે. પરંતુ એ વ્યસ્તતામાં આપણે આપણાં 'સમન્વય'ના સ્વપ્નને ભુલી શકીએ ? નહીં ને ? તો બહેનો હજી પણ સમય છે આપણાં સ્વપ્નને સાકાર કરવાનો. હજી ઘણાં એકમો રજીસ્ટ્રેશન કરાવવામાં આળસ કરી રહ્યા છે. તો તમારા એકમના રજીસ્ટ્રેશન વહેલામાં વહેલી તકે કરાવી અમાર એકલાના નહી આપણાં સુંદર સ્વપ્નો સાકાર કરો.

આ સાથે એક અગત્યના સમાચાર જણાવતા આનંદ થાય છે કે આપણાં પંચોલી સેવા સમાજ મહામંડળ તથા પંચોલી સમાજ યુકે. દ્વારા ઘણી વિધવા બહેનો સહાય મેળવે છે. તેઓ આર્થિક મુસીબતના કારણે આવા સંમેલનમાં આવવાની ઇચ્છા હોવા છતાં આવી શકતાં નથી. વડોદરા મહિલા સમાજે પહેલ કરી જે બહેનો શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ તથા પંચોલી સમાજ યુ.કે. તરફથી સહાય મેળવે છે તેવી બહેનો માટે સંમેલનમાં આવવા માટે દ્વાર ખોલે છે તો બહેનો સંસ્કાર નગરી વડોદરાના દ્વાર તમારા આગમનને આવકારે છે. ફકત અહીં આવનાર બહેનોને આવવા-જવાનો ખર્ચ અમો આપીશું સાથે તમારે રજીસ્ટ્રેશન ફી ભરવાની નથી. કંઇક અમારા પ્રયાસ અને પ્રભુ કૃપાથી લંડન નિવાસી એક બહેનને પ્રેરણા થવાથી પોતાનું નામ ન જાહેર કરવાની શરતે એ બહેને આ સ્પોન્સરશીપ સ્વીકારી છે. અમો એ દાતા બહેનના ખૂબ ખૂબ આભારી છીએ... તો બહેનો તમે તમારા આગમનની તુરત જાણ કરો, અમે તમને કંઇક ભેટ પણ આપીશું.. તો બહેનો આવી સંદર તક મળે છે તો આ લાભ લેવાનું ચુકશો નહીં. જરૂરથી લાભ લેશો.. તમારું સ્વાગત અમારો આનંદ રહેશે...

બસ ત્યારે નવયુગના માધ્યમથી આપણી આ અંતિમ મુલાકાત છે હવે મળીશું આપણે સૌ ૧૭ ડિસેમ્બર-૧૧ના રોજ સંમેલન 'સમન્વય'માં..

સૂરજ ભુલતો નથી ઉગવાનું,
કમળ ભુલતુ નથી ખીલવાનું,
અમે નથી ભુલતા કહેવાનું,
તમે ભુલતા નહીં 'સમન્વય'માં આવવાનું...

| | | |
|---|---|---|
| શ્રી ગિરીશચંદ્ર આઇ. ગજજર - પ્રમુખ | શ્રી અશ્વિનભાઇ એસ. પંચોલી - પ્રમુખ | પુષ્પાબેન બી. મપારા - કન્વીનર |
| શ્રી ભરતભાઇ સી. પંચોલી - મહામંત્રી | શ્રી દેવાંગભાઇ પી. પંચોલી - મંત્રી | ઉષાબેન પી. પંચોલી - મંત્રી |
| શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ | શ્રી પંચોલી સેવા સમાજ વડોદરા | શ્રી પંચોલી મહિલા સમાજ, વડોદરા |

**શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પ્રેરીત**
**શ્રી નવસારી પંચોલી જ્ઞાતિ પંચ, નવસારી દ્વારા આયોજીત**

## ક્રિકેટ ટુર્નામેન્ટ

**તારીખ : ૨૫.૧૨.૨૦૧૧-રવિવાર**

**સ્થળ : એગ્રીકલ્ચર યુનીવર્સીટી સ્પોટર્સ ગ્રાઉન્ડ, એરૂ ચાર રસ્તા, નવસારી**

દરેક એકમને તથા રમવા આવનાર ટીમના સભ્યોને વિનંતી કે આપ આવનાર હોય
તો આપની જાણ સમય મર્યાદા પહેલા અવશ્ય કરો જેથી વ્યવસ્થા કરવામાં સુગમતા રહે..
જે એકમની ટીમ રમનાર હોય તેમના નામો જેમ બને એમ જલ્દી મોકલવા વિનંતી
પ્રમુખશ્રી- શ્રી નવસારી પંચોલી જ્ઞાતિ પંચ, નવસારી

# ભગવાન પાસે માંગ્યુ.....

ભગવાન પાસે મેં બળ માંગ્યું, જેથી માથું ઉંચુ રાખી જીવી શકું....

તો એણે મને કોમળતા આપી, જેથી હું નમ્ર અને આજ્ઞાકિંત બનુ....

ભગવાન પાસે મેં બુદ્ધિ માંગી, જેથી હું મહાન કાર્ય કરી શકું....

તો એણે મને હૃદય આપ્યું, જેથી હું સારા કાર્યો કરી શકું...

ભગવાન પાસે મેં ધન માંગ્યું, જેથી હું સુખી થઇ શકું...
તો એણે મને જ્ઞાન આપ્યું, જેથી હું શાણો થઇ શકું....

ભગવાન પાસે મેં સત્તા માંગી, જેથી અનેક લોકો મને નમે...

તો એણે મને ભકિત આપી, જેથી હું ભગવાનને નમતો રહું...

ભગવાન પાસે મેં અનેક વસ્તુ માંગી, જેથી હું જીવન માણી શકું..

તો એણે મને જીવન આપ્યું, જેથી હું અનેક વસ્તુ માણી શકું...

મે માંગ્યું તે મળ્યુ નહીં, પરંતુ જે આપ્યુ તે મૂલ્યવાન હતું...

મેં નહી કરેલી પ્રાર્થના પ્રભુ એ સાંભળી.....

હરીશભાઇ સી. પંચોલી - અંધેરી

# પ્રભુ એવું વચન દે......

જીવન તૂજ યાદમાં વીતે પ્રભુ એવું વચન દે
તૂજ સ્મરણને સંકોર્યા કરે એવું કવન દે....

સ્વપ્નો સર્જી કૈંક મહેલાતો ઉભી કરી,
કયારેક જીવનમાં સ્થીર થાઉં એવું ભવન દે...

ચૌપાસ ધૂમતા સહુ રસ લૂંટવા ભમ્રર થઇ,
લૂંટે ના મને કોઇ લોભમાં એવું સ્વજન દે...

મતલબી લોકે તૂજ જીવનમાં ઝેર ધોળ્યા,
બુરૂ ઈચ્છતાએ માનવને થોડી શરમ દે.....

લક્ષ્મી તણાં ગુમાનમાં જે સદા સળગી રહ્યા,
પ્રભુ એ જરા ધીરા પડે એવો પવન દે....

જીવી લે આ જીંદગી ન રાખ ખૌફ જમાનાનો,
'અધીર'ની સદા ઇજ્જત રહે એવું મરણ દે.....

અમૃત સી. પંચોલી 'અધીર' - મુંબઇ

# સંસ્થા સમાચાર

## શ્રી પંચોલી સમાજ અમદાવાદ

શ્રી પંચોલી સમાજ અમદાવાદનું સ્નેહમિલન અને ઇનામ વિતરણ સમારંભ તા. ૨૦.૧૧.૨૦૧૧ને રવિવારે સાંજે ૫ કલાકે શ્રી ભૂપેન્દ્રભાઇ એચ. પંચોલી - છોટાઉદેપુરવાળાના નિવાસસ્થાને સરખેજ ખાતે યોજાઇ ગયો. ખૂબ મોટી સંખ્યામાં જ્ઞાતિજનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

નીચે મુજબના તેજસ્વી તારલાઓનું બહુમાન તેમજ ઇનામ વિતરણ કરવામાં આવ્યું હતું.

શ્રી દિનેશભાઇ એ. પંચોલી PHD.-બુકેથી સન્માન
ડો. નિધિ દક્ષેશ પંચોલી MBBS. - બુકેથી સન્માન
ભાવિતા ડી. પંચોલી-ફિઝીયોથેરાપીસ્ટ-બુકેથી સન્માન

નીચે મુજબના તારલાઓને મંડળ તરફથી અને USA નિવાસી ગીતાબેન અને ચંપકભાઇ સી. પંચોલી તરફથી રોકડ ઇનામો આપવામાં આવ્યા હતા. ઉપરાંત દરેક વિદ્યાર્થીઓને બોલપેન અને પેન્સીલ સેટ વહેંચવામાં આવ્યા હતા.

૧ યશ શંકરભાઇ પંચોલી - ધો.૯ - ૭૯%
૨ સમર્થ દિનેશભાઇ પંચોલી - ધો. ૧૨ - ૭૭%
૩ અભય રણછોડભાઇ પંચોલી - ધો. ૧૦ - ૪૫%
૪ રિદ્ધિ નિરજ પંચોલી - ધો. - ૨ - ૯૪%

આજના પ્રસંગે તથા દિવાળીના શુભ તહેવાર નિમિત્તે રૂા. ૧૮૫૦/-ની ભેટ મળી હતી. અંતમાં શ્રી ભૂપેન્દ્રભાઇ અને ફેમીલીનો ઉંધીયું-પુરી-જલેબી અને ફેન્ટા આપવા બદલ આભાર માની સભા પૂર્ણ થઇ....

વન-એડર્વટાઇઝીંગ એન્ડ કોમ્યુ. આયોજીત બાળ ચિત્ર સ્પર્ધા. અમદાવાદની ગુફા ખાતે તા. ૧૩.૧૧.૧૧ રવિવારે સવારે ૯ કલાકે યોજાઇ. ૨૮ જેટલા બાળકોના વૈવિધ્યપૂર્ણ ચિત્રોની ચકાસણી, ગુજરાતના સુપ્રસિદ્ધ ચિત્રકાર શ્રી જય પંચોલીએ કર્યુ. ઇનામ વિતરણ સમારોહમાં સ્મૃતિ ચિહ્નથી સન્માનિત થયા... શુભેચ્છા... અભિનંદન

## શ્રી પંચોલી સમાજ વડોદરા

બહાદરપુર નિવાસી બચુભાઇ (વિનુભાઇ) નરોત્તમદાસ પંચોલી તરફથી ધર્મપત્નિ સ્વ. અ.સૌ. મધુબેનના સ્મરણાર્થે રૂા. ૫૦૧/- વડોદરા સમાજને ભેટ મળ્યા. દાતાનો આભાર માને છે.

## શ્રી પંચોલી સમાજ - સંખેડા

રૂા. ૪૦૧/- સ્વ. શ્રી પ્રવિણચંદ્ર ગોરધનદાસ પંચોલીના સ્મરણાર્થે મળ્યા. હસ્તે-મુકુંદભાઇ ગોરધનદાસ પંચોલી તથા રૂા. ૫૦૧/- બહાદરપુર નિવાસી સ્વ. મધુબેનના સ્મરણાર્થે વિનુભાઇ નરોત્તમભાઇ પંચોલી તરફથી મળ્યા.

ઉપરોકત દાન સંખેડા સમાજને મળ્યુ તે બદલ દાતાનો આભાર માને છે.

પંચોલી મહિલા મંડળ સંખેડાને રૂા. ૫૧/- સ્વ. શ્રી પ્રવિણચંદ્ર ગોરધનદાસ પંચોલીના સ્મરણાર્થે મળ્યા. હસ્તે-મુકુંદભાઇ ગોરધનદાસ પંચોલી

## પંચોલી નવયુગ પેમેન્ટ જોગ

મનીઓર્ડર, આંગડીયા કે કુરીયર દ્વારા પૈસા મોકલવાને બદલેનીચે મુજબના એકાઉન્ટ નંબર માં નવયુગનું પેમેન્ટ જમા કરાવી શકો છો.... અને પૈસા જમા કરાવ્યા બાદ ફોન પર તુરત જાણ કરશો અથવા SMS કરશો.

**Shri Pancholi Seva Samaj**
**Mahamandal A/c. Pancholi Navyug**
**SB. A/c No.014710003655**
***DENA BANK GOYA BAZAR BRANCH***
**Ankleshwar - 393 001**

તંત્રીશ્રી : દિનેશ મિસ્ત્રી
મો. : ૯૮૨૪૧ ૭૧૯૩૦
Email : pancholi_navyug@yahoo.com

# મહિલા જગત

## શ્રી પંચોલી ભગીની સમાજ, મુંબઈ

તા. ૨.૧૦.૧૧ના શુભ દિને કુંભારવાડા ત્રીજી ગલી રામમંદિરમાં અધ્યક્ષા શ્રીમતિ કૃપાબેન આશિષભાઈ પંચોલી, અતિથિવિશેષ શ્રીમતિ અમીષાબેન અજયભાઈ પંચોલી, ભગીની સમાજ મુંબઈના પ્રમુખ શ્રીમતિ જાગૃતિબેન ચંદ્રેશભાઈ મહેતાના વરદ હસ્તે બપોરે ૩.૩૦ કલાકે માતાજીની આરતી કરવામાં આવી હતી. પ્રસાદી લઈ દરેક બહેનોએ ગરબાની રમઝટ બોલાવી હતી.

શ્રી પંચોલી ભગીની સમાજના મંત્રી શ્રીમતિ ઈલાબેન રજનીકાંત પંચોલીએ મિટીંગ બોલાવી દરેકને પોતાનાં સ્થાન પર બિરાજમાન થવા માટે વિનંતી કરી હતી. જાગૃતિબેન મહેતાના વરદ હસ્તે અધ્યક્ષા શ્રીમતિ કૃપાબેન પંચોલીનું સ્વાગત તથા ઉપપ્રમુખશ્રી મીનાબેનપ્રવિણભાઈ પંચોલીના વરદ હસ્તે અતિથિવિશેષ શ્રીમતિ અમિષાબેનનું સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમણે શ્રી પંચોલી ભગીની સમાજ માટે પોતાના વિચારો દર્શાવ્યા હતા. શ્રીમતિ કૃપાબેને રૂા. ૪,૪૪૪/-ની તેમજ શ્રીમતિ અમિષાબેને રૂા. ૧,૦૦૧/-ની ભેટ આપી હતી.

શ્રી મુકેશભાઈ હરિન્દ્રભાઈ ઝવેરીએ 'કરાઓકે' પોગ્રામ વિશે માહિતી આપી દરેક વ્યકિતને ઉત્સાહિત કર્યા હતા. તેમાં મુકેશભાઈ તેમજ ભાગ લેનાર ભાઈ-બહેનોએ પોતાના મધુર કંઠે સુંદર ગીતો રજુ કર્યા હતા. શ્રી પંચોલી સેવા સમાજના પ્રમુખ શ્રી મુકેશભાઈ પરમાનંદભાઈ પંચોલી, ઉપપ્રમુખ શ્રી પ્રવિણભાઈ છગનભાઈ લાઈટવાલા, ઉપપ્રમુખશ્રી ડો. ભુપેન્દ્રભાઈ ચુનીલાલ પંચોલી તથા અન્ય સભ્યોના સહકારથી આ પોગ્રામ સફળ રીતે કરી શકયા. ઈલાબેને આવેલ આમંત્રીતોનો આભાર વ્યકત કર્યો હતો. અંતમાં પાવભાજીના જમણને ન્યાય આપી છુટા પડયા હતા.

૫૦ ઉષાબેન પ્રમોદભાઈ મિસ્ત્રી
૧૦૧ સંગીતાબેન કૌશિકભાઈ પંચોલી
૫૦ ડિમ્પલ હિરલભાઈ પંચોલી
૫૧ નિરંજનાબેન સુરેશભાઈ મિસ્ત્રી
૧૦૦ શિલ્પાબેન દિપકભાઈ મિસ્ત્રી
૧૦૦ સુનિતાબેન નિલેશભાઈ પંચોલી
૫૧ રીટાબેન કૃષ્ણકાંત પંચોલી
૫૧ ઈલાબેન દિપકભાઈ મિસ્ત્રી
૫૧ ભારતીબેન ભરતભાઈ મિસ્ત્રી
૫૧ જીગીષા દિવ્યેશભાઈ મિસ્ત્રી
૫૧ નીતાબેન દિપકભાઈ મિસ્ત્રી
૫૧ કલાવતીબેન નવિનચંદ્ર મિસ્ત્રી
૫૧ સોનલ પરાગભાઈ મિસ્ત્રી
૫૧ પલ્લવી રાકેશભાઈ મિસ્ત્રી
૫૧ મીનાબેન કમલભાઈ મિસ્ત્રી
૫૧ ભાવનાબેન જયંતિભાઈ મિસ્ત્રી
૫૧ શારદાબેન રજનીભાઈ મિસ્ત્રી
૧૦૧ ઈન્દુબેન પ્રવિણચંદ્ર મિસ્ત્રી તરફથી પૌત્રી યશ્વીના જન્મ નિમિત્તે પંચોલી સમાજને તથા
૧૦૧ ભગીની સમાજને ભેટ મળ્યા.
૧૦૧ હસુમતીબેન ડાહ્યાભાઈ મિસ્ત્રી
૫૧ રૂપાબેન નવિનભાઈ મિસ્ત્રી
૫૧ પ્રવિણાબેન મોહનભાઈ કાપડિયા
૫૧ મનિષાબેન ભાવિકભાઈ કાપડિયા
૫૧ પ્રવિણાબેન મોહનભાઈ કાપડિયા ગૃહપ્રવેશ નિમિત્તે
૧૦૧ હિનાબેન દિપકભાઈ મહેતા
૫૧ અનુરાધાબેન ચેતનભાઈ કાપડિયા
૫૧ ચંદ્રિકાબેન ચંદ્રવદન મિસ્ત્રી
૫૧ ડિમ્પલ તેજલકુમાર મિસ્ત્રી
૧૦૧ તરલીકાબેન ગીરીશભાઈ ઝવેરી
૫૧ સુશીલાબેન રમેશભાઈ પંચોલી
૫૧ જાગૃતીબેન રાકેશભાઈ મિસ્ત્રી
૫૧ જયોતિબેન જતીનભાઈ પંચોલી
૫૧ પ્રતિમાબેન ઉમેશભાઈ મિસ્ત્રી
૨૧૧ અનુરાધાબેન મુકેશભાઈ પંચોલી
૫૧ ઈલાબેન દિપકભાઈ મિસ્ત્રી પૌત્રી જન્મ નિમિત્તે
૫૧ દક્ષાબેન રાજુભાઈ પંચોલી
૧૦૫ ધર્મિષ્ઠાબેન કમલભાઈ મિસ્ત્રી
૫૧ દક્ષાબેન કમલેશભાઈ મિસ્ત્રી
૧૦૦ ધર્મિષ્ઠાબેન ભૂપેન્દ્રભાઈ મિસ્ત્રી
૫૦ હિરલબેન નિલેશભાઈ પંચોલી
૫૦ ઈંદિરાબેન રજનીકાંત પંચોલી
૫૧ મીનાબેન પ્રવિણભાઈ પંચોલી
૫૧ હેતલબેન હિમાંશુભઈ પંચોલી

## તેજસ્વી તારલા



બીન્ની ભદ્રેશકુમાર પંચોલી
Dip. Electronics &
Comunication Engineering.

# હેપી બર્થ ડે........



વડોદરા નિવાસી રમણલાલ લલ્લુભાઈ
પંચોલી તા. ૩૦.૧૧.૧૧ના રોજ ૭૬માં
વર્ષમાં મંગલ પ્રવેશ કરે છે.... સર્વે
જ્ઞાતિજનો હાર્દિક શુભેચ્છાઓ પાઠવે
છે....શતમ્ જીવમ્ શરદઃ

નૂતન વર્ષ સર્વે જ્ઞાતિજનોને સુખ, સમૃદ્ધિ અને ફળદાયી
નિવડે એજ સમસ્ત પંચોલી સમાજને નૂતનવર્ષાભિનંદન

**અશ્વિનભાઇ મૂળજીભાઇ પંચોલી**
**રંજનબેન અશ્વિનભાઇ પંચોલી**
**શિવમ અશ્વિનભાઇ પંચોલી**
**ક્રિષ્ણા અશ્વિનભાઇ પંચોલી**

૩૦૧, ગણાધીશ કોમ્પલેક્ષ, મહેશ કોમ્પલેક્ષ પાછળ,
વાઘોડિયારોડ, વડોદરા-૧૦
ફોન : ૦૨૬૫-૨૫૧૯૭૮૧(ઘર) ૨૫૧૨૮૦૦(ઓ)
મો. : ૯૮૨૪૪ ૨૬૨૩૦ / ૮૧૪૦૪ ૯૯૬૦૪

સમ્રાટ વિક્રમાદિત્યનું
૨૦૬૮મું વર્ષ આપ સૌને અને
આપના સ્વજનોને સર્વ પ્રકારે સુખપ્રદ નીવડે
એજ અભ્યર્થના...અને પ્રાર્થના

**દિનેશચંદ્ર દલસુખરામ મિસ્ત્રી**
**શ્રીમતિ લોપા**
**ચિ. ભાવના-આશા-યુગ**
**ચિ. પ્રણય - પારૂલ**
**ચિ. પ્રિત - યશ**

૪, શિવાનંદ સોસાયટી, વિજયનગર ચાર રસ્તા,
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩
ફોન : ૦૭૯-૨૭૪૯૬૬૭૮
મો. : ૯૪૦૯૦ ૫૪૦૪૧
ભાવન - ૯૮૨૫૪ ૭૪૯૨૩

***WARM WISHES TO ALL THE MEMBERS OF PANCHOLI SAMAJ***



***Bhavya - Dhrumi***

*Dear all, Wish you and your family a very happy Diwali & prosperous new year. May God fulfill all your wishes in wealth, health & happiness in your life.*

***HAPPY DIWALI & PROSPEROUS NEW YEAR***

***Late Natverlal Pancholi***
***Vidyaben Pancholi .***
***Ashok Pancholi - Meena Pancholi***
***Dhaval Pancholi - Roshani Pancholi***
***Dhrumi Pancholi.***
***Jigar Pancholi - Kruti Pancholi***
***Bhavya Pancholi.***
***Bharat Pancholi – Pragana Pancholi***
***Pratik pancholi – Arpita Pancholi.***

B/403 Siddhi co-operative housing soc., behind Jain temple GIDC vapi.
D-401 Pramukh hills,
Chharwada road,
Nr. Haria hospital, GIDC vapi

*ASHOK PANCHOLI : - 98794 17984*
*DHAVAL PANCHOLI : - 98241 73788*
*JIGAR PANCHOLI : - 98790 93788*

# ટીપે ટીપે સરોવર ભરાય

**નવયુગ ભેટ**

₹ ૧૦૧/- વડોદરા નિવાસી ડૉ. પુલકિત ચંદ્રકાંત પંચોલીની સુપુત્રી ચિ. ત્વિસાની વર્ષગાંઠ નિમિત્તે.

❖ ₹ ૨૫૧/- બોડેલી નિવાસ પ્રશાંતકુમાર મુકેશભાઇ પંચોલી તરફથી વડોદરા મુકામે નૂતન ગૃહપ્રવેશ નિમિત્તે...

❖ ₹ ૫૧/- સ્વ. શ્રી પ્રવિણચંદ્ર ગોરધનદાસ પંચોલીના સ્મરણાર્થે મળ્યા. હસ્તે-મુકુંદભાઇ ગોરધનદાસ પંચોલી

₹ ૫૦/- સુરત નિવાસી સૌરભ ધરતભાઇ મિસ્ત્રી તરફથી પુત્રી વેદાંસીની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે...



## હેપી બર્થ ડે........

ત્વિસા પુલકિત પંચોલી-વડોદાર
તા. ૨૨.૧૨.૦૮

# એકવાર જાવુ હરીના ધામમાં



બહાદરપુરના લતાબેન જયંતિલાલ પંચોલી તા. ૨.૧૧.૨૦૧૧ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. ૬૨



મુંબઇના શાંતિલાલ ઠાકોરલાલ પંચોલી તા. ૨૫.૯.૨૦૧૧ના રોજ હરીના ધામમાં ગયા.



મુંબઇ-શાંતાક્રુઝ નિવાસી અને શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના માજી ઑડીટર શ્રી કિરણ મણીલાલ પંચોલીના માતુશ્રી ભગવતીબેન તા. ૨૯.૧૧.૨૦૧૧ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. : ૭૮

**Book Post**
**Printed Book**
**પ્રિન્ટેડ બુક**

**From :**
**Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank,
Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-2.

Publisher and Printer **Dineshbhai Mistry** on behalf of **Shri Pancholi Seva Samaj Mahamandal**
**Printed** : **Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank, Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-393 002. Dist Bharuch.
**Ph. :** 02646 - 252852
**Published** : 302, Subham Residency, Precom Compound, B/h. Rajkamal Arcade, GIDC. Ankleshwar-2
**Editior : Dineshbhai Mohanlal Mistry Ph. : (02646) (R) 291852(O) 252852,**
**Mo. : 98241 71930, 98240 64282. Email : pancholi_navyug@yahoo.com**